©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII ] THURSDAY, 23rd APRIL, 2026/VAISHAKHA 03, 1948 [ Issue No. 17**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.**

# PART-I


| | Pages | | Pages |
|---|---|---|---|
| **PART - I**<br>Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc.,<br>Miscellaneous Notifications Appointments etc., | 263-272 | **PART - I - B**<br>(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| **PART - I - A**<br>Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - II**<br>Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 3563-3846 |
| | | **PART - III**<br>Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
## NOTIFICATION
### MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

**જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ ખંડ(બી) મુજબનું**

**વંચાણ :** કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભુજની કચેરીના પત્ર જા.નં. પીબી-૨/કેમ્પ/૨૦૨૬, તા. ૧૪-૦૨-૨૦૨૬

**જાહેરનામું**

નં. મેજી/પોલ-૧/ભારે વાહનો/નિયમન/જાહેરનામું/૦૨/૨૦૨૬.- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભુજની કચેરીના વંચાણ વાળા પત્રની વિગતે ભુજ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા તથા કાયદો અને વ્યવસ્થાની જાળવણીના હેતુસર ભારે વાહનો ભુજના રીંગ રોડ પર એક જ દિશામાં પસાર થાય તે રીતે રૂટ સુનિશ્ચિત થવા (૧) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), ભુજ (૨) નાયબ પોલીસ અધીક્ષકશ્રી, ભુજ તથા (૩) પ્રાંત અધિકારીશ્રી, ભુજ દ્વારા સંયુકત સહીથી દરખાસ્ત રજુ થયેલ છે. સદરહું દરખાસ્તની વિગતે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ વંચાણ વાળી દરખાસ્તની વિગતો ધ્યાને લેતા તા. ૧૫-૦૩-૨૦૨૬ સુધી નીચે અનુસુચીમાં જણાવ્યા મુજબના રૂટ અનુસાર ભારે/અતિભારે વાહનોની અવર-જવરનું નિયમન કરવા માટે હુકમ કરૂં છું.

**અનુસૂચિ :**

૧. નખત્રાણા અને માંડવીથી આવતા ભારે વાહનો પ્રિન્સ રેસીડેન્સીથી કોડકી ચાર રસ્તાથી મહિલા આશ્રમ તરફનો માર્ગ ઉપયોગમાં લઈ શકશે.

૨. મુંદરાથી આવતા ભારે વાહનો એરોપ્લેન સર્કલથી પ્રિન્સ રેસીડેન્સીથી કોડકી ચાર રસ્તાથી મહિલા આશ્રમ તરફનો માર્ગ ઉપયોગમાં લઈ શકશે.

૩. ખાવડાથી આવતા ભારે વાહનો મહિલા આશ્રમ જંકશનથી નળ સર્કલથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી એરોપ્લેન સર્કલથી પ્રિન્સ રેસીડેન્સી તરફનો માર્ગ ઉપોયગમાં લઈ શકાશે.

૪. ભચાઉ અને અંજાર તરફથી આવતા ભારે વાહનો નળ સર્કલથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી એરોપ્લેન સર્કલથી પ્રિન્સ રેસીડેન્સી તરફનો માર્ગ ઉપયોગમાં લઈ શકશે.

**ઉપરોક્ત હુકમ/જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવશે.**

૧. સરકારી ફરજ પરના વાહનો

૨. સુરક્ષા દળોના ભારે વાહનો

૩. ફાયર ફાઈટર

૪. એસ.ટી. બસો, પ્રવાસી બસો

૫. પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ/સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજ અધિકૃત કરે તેવા વાહનો.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(રાજ્ય), કચ્છ-ભુજ તથા પોલિસ ખાતાએ ઉક્ત મુજબના રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાના ચુસ્ત અમલ માટે પોલીસ ખાતાએ તથા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), કચ્છ-ભુજની કચેરીએ સબંધિત રસ્તાઓ પર જરૂરી આનુષાંગિક તમામ વ્યવસ્થા સુનિશ્ચિત કરવાની રહેશે.

આજ રોજ તા. ૧૪-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યુ.

કચ્છ-ભુજ, ૧૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**આનંદ પટેલ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

---

**સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩/૧ અન્વયે**

**જાહેરનામુ**

નં. મેજી/માધવપુર/રામનવમી મેળો/૧૮૩-૧/૨૦૨૬.-પોરબંદર જિલ્લામાં પોરબંદર તાલુકાના માધવપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ માધવપુર રામજી મંદિરના પ્રાંગણમાં રાહીતળ મેદાનમાં રામનવમી તહેવાર સબબ દર વર્ષે મેળો ભરાય છે. તે મુજબ ચાલુ વર્ષે પણ આ મેળાનું આયોજન હોવાથી મોટી સંખ્યામાં યાત્રાળુઓની અવરજવર રહેશે. તેથી આ સમય દરમ્યાન લોકોના જાહેર આરોગ્યને નુકશાન ન થાય અને ચેપી રોગોનો ઉપદ્રવ થવા ન પામે તે માટે સાવચેતીના પગલા લેવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરવા તા. ૧૮-૦૩-૨૦૨૬ થી દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત યોગ્ય જણાતા હું એસ. ડી. ધાનાણી, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩/૧ અન્વયે મને મળેલ અધિકારની રૂઈએ તા. ૨૭-૦૩-૨૦૨૬ થી તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધી દિન-૫ (પાંચ) બંને દિવસો સહિત સુધીની મુદત માટે માધવપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં તેમજ તેની આજુબાજુ આઠ કિ.મી.ના વિસ્તારમાં નીચે પ્રમાણે અમલવારી કરવા ફરમાવવામાં આવે છે.

૧. મેળાના વિસ્તારમાં ગંદકી કરવી નહી.

૨. અન્ય કોઈ બીન આરોગ્યપ્રદ વસ્તુઓ અને બિનકલોરીન યુકત પાણીનો ઉપયોગ કરવો નહીં.

૩. પીવાનું પાણી, વેડફાયે તેવા કોઈ પ્રકારના કૃત્યો કરવા નહીં.

૪. પીવાના પાણી તેમજ બરફ બનાવવા માટે કલોરીન યુક્ત પાણીનો વપરાશ કરવો.

૫. મેળામાં દુધ તથા દહીની બનાવટમાં સ્થાનિક બનાવટની કુલ્ફી તથા વાપરવામાં આવતું દુધ વાસી ન હોવું જોઈએ અને સ્થાનિક બનાવટમાં ક્લોરીનેટેડ સ્વચ્છ પાણીનો જ ઉપયોગ કરવો. તેમજસ્થાનિક બનાવટના બરફના ગોલાની બનાવટમાં અખાધ કલર/અખાધ અન્ય સામગ્રી વાપરવી નહી.

૬. અખાધ/બિન આરોગ્યપ્રદ, બગડેલ અને વાસી વસ્તુઓનું વેચાણ કરવું નહી.

૭. ઠંડા પીણાઓમાં બિન આરોગ્યપ્રદ કે શરીરને નુકશાન કરે તેવી સામગ્રીનો ઉપયોગ કરવો નહીં.

૮. આરોગ્યપ્રદ ખાદ્ય પદાર્થો ખુલ્લા રાખવા નહી કે ખુલ્લા રાખી વેચાણ કરવુ નહીં.

૯. ચેપી રોગથી પીડાતી વ્યકિતઓને ખાદ્ય પદાર્થની બનાવટ કે વહેચાણ પ્રક્રિયામાં સામેલ ન કરવા.

ઉપરોક્ત બાબતે દેખરેખ રાખવા યોગ્ય પગલા લેવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર તથા તેઓશ્રીએ નિયુક્ત કરેલા કર્મચારીઓને અધિકાર આપવામાં આવે છે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯ માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

આ જાહેરનામું આજરોજ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યું.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૨૬.

**એસ. ડી. ધાનાણી**
જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા
## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું
## જાહેરનામું

Letter No. DBD/0643/03/2026.-ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજીત ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ(ગુજકેટ)-૨૦૨૬ની પરીક્ષા તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવાથી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસીક પરિતાપ થવાની સંભાવના છે. આ પરીક્ષાઓ શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ પગલા લેવા પ્રતિબંધિત હુકમો કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાએ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના પત્ર ક્રમાંક : DEODVDW/0029/03/2026 થી દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

આથી હું, ભૂપેશ જોટાણીયા (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કમલ-૧૬૩ મુજબ મને મળેલી સત્તાની રૂઈએ ફરમાવું છું કે, ગુજકેટ-૨૦૨૬ પરીક્ષાના નીચે મુજબા પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના હદ વિસ્તારમાં તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ સવારના ૦૯-૩૦ કલાકથી બપોરના ૧૬-૦૫ કલાક સુધી પરીક્ષા કેન્દ્રો ખાતે અનધિકૃત વ્યકિતઓ એકઠા થવા અને તેમના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ આ પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રો આસપાસ લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના હદ વિસ્તારમાં કોપીયર મશીન દ્વારા ઝેરોક્ષ અને કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તેઓના કોપીયર મશીનો બંધ રાખવા તેમજ પરિશિષ્ટમાં દર્શાવેલ પરીક્ષા કેન્દ્રમાં કોઈએ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન કે અન્ય કોઈ કોમ્યુનિકેશનના ઈલેક્ટ્રોનિક સાધનો/ઉપકરણો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

### પરિશિષ્ટ
### ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ(ગુજકેટ)-૨૦૨૬ ના દેવભૂમિ દ્વારકા જિલ્લાનાં પરીક્ષા કેન્દ્રોની યાદી

| ક્રમ | પરીક્ષા કેન્દ્રનું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામું |
|---|---|---|
| ૧ | જી.વી.જે. સરકારી હાઈસ્કુલ | સ્ટેશન રોડ, ખંભાળીયા |
| ૨ | એસ.એન.ડી.ટી. હાઈસ્કૂલ | પોરગેઈટ, ખંભાળીયા |
| ૩ | દા.સુ. ગર્લ્સ હાઈસ્કુલ | નગરગેઈટ, ખંભાળીયા |

આ હુકમની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, દેવભૂમિ દ્વારકાએ બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયો.

દેવભૂમિ દ્વારકા, ૨૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

**ભૂપેશ જોટાણીયા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દ્વારકા

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
## કલમ-૩૩(૧)(ખ) અન્વયે
## જાહેરનામું

નં. એમએજી/વશી/માધવપુર મેળો-૨૦૨૬/ટ્રાફીક ડાયવર્ઝન/૧૭૩-૧/૪૯૧/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જા.ના./દરખાસ્ત/૫૫૨/૨૦૨૬, તા. ૧૨-૦૩-૨૦૨૬ના પત્રથી માધવપુર ગામ ખાતે આગામી તા. ૨૭-૦૩-૨૦૨૬ થી તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધી શ્રી માંડવરાયજી અને રૂક્ષ્મણીજીના લગ્ન પ્રસંગની ઉજવણી અન્વયે પરંપરાગત મેળો યોજાનાર છે. માધવપુર ગામ ખાતે ખુબ જ મોટા પ્રમાણમાં (અંદાજીત બે લાખ જેટલા લોકો) માધવપુર ટાઉન તથા આસપાસના વિસ્તારો તથા નજીકના જિલ્લાઓમાંથી ખૂબ જ બહોળા પ્રમાણમાં જનમેદની એકઠી થવાની હોય આ પાંચ દિવસના લોકમેળા દરમ્યાન અલગ અલગ

રાજયના મહાનુભાવો તેમજ ગુજરાત રાજયના મહાનુભાવો આવવાની શકયતા છે. તેમજ આ લોકમેળા સ્થળની બાજુમાંથી જ નેશનલ હાઈવે રોડ પસાર થતો હોય જેથી વાહન વ્યવસ્થા તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ટ્રાફીક વ્યવસ્થા તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ તા. ૨૭-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધી પત્રમાં જણાવેલ રસ્તેથી ડાઈવર્ઝન જાહેર કરવા માટે જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય સહ દરખાસ્ત થઈ આવેલ.

સબબ, હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર, જિલ્લો પોરબંદર આથી હું ગુજરાત પોલીસ અધિનિમય-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) અન્વયે મળેલ સતાની રૂએ નીચે મુજબની વિગતે આવક-જાવક માટે તા. ૨૭-૦૩-૨૦૨૬ ના ક. ૦૦-૦૦ થી તા. ૩૧-૦૩-૨૦૨૬ ના ક. ૨૪-૦૦ સુધી ટ્રાફીક નિયમન કરવા ફરમાવું છું.

- ❖ માંગરોળ તરફથી આવતા તમામ વાહનો આત્રોલી ગામથી આજક, વાડલા ફાટક થઈ મેખડી, સામરડા, સરમા, ઘોડાદર, બગસરા, કડછ થી મોચા થઈ નેશનલ હાઈવે પર જવાનું રહેશે.
- ❖ પોરબંદર તરફથી આવતા તમામ વાહનો મોચા ગામથી કડછ, બગસરા, ઘોડાદર, સરમા, સામરડા, મેખડી, વાડલાફાટક થઈ આજક, આંત્રોલી હાઈવે રોડ પર જવાનું રહેશે.

ઉપર મુજબની વિગતે આવવા-જવા માટે ટ્રાફીક નિયમન કરવા આથી ફરમાવવામાં આવે છે. આ જાહેરનામું ઉપર જણાવેલ તારીખ અને સમય દરમિયાન અમલમાં રહેશે.

**અપવાદ :**

સરકારી ફરજ પરના અને કારપાસ વાળા વાહનો, સરકારી વાહનો, એસ.ટી. બસો, મેળામાં જતા નાના વાહનો, એમ્બ્યુલન્સ જેવા વાહનોને આ જાહેરનામાનો પ્રતિબંધ લાગુ પડશે નહી.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર ઠરશે.

આજરોજ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના રોજ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૧૮ માહે માર્ચ, સને ૨૦૨૬.

**રેખાબા સરવૈયા**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

## જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા. નં. ૧૪૮૭/હ.બં.જા.ના/માર્ચ-એપ્રિલ/૨૬.- આગામી માર્ચ/૨૦૨૬-એપ્રિલ/૨૦૨૬ના માસ દરમ્યાન તા. ૨૨-૦૩-૨૦૨૬ ના વિનાયક ચતુર્થી, તા. ૨૬-૦૩-૨૦૨૬ ના દુર્ગાષ્ટમી, તા. ૨૭-૦૩-૨૦૨૬ ના રામનવમી, તા. ૩૧-૦૩-૨૦૨૬ના મહાવીર જયંતિ, તા. ૦૨-૦૪-૨૦૨૬ ના હનુમાન જયંતિ, તા.૦૩-૦૪-૨૦૨૬ ના ગુડ ફ્રાઈડે, તા. ૦૫-૦૪-૨૦૨૬ ના સંકષ્ટ ચતુર્થી, તા. ૧૦-૦૪-૨૦૨૬ ના કાલાષ્ટમી, તા. ૧૩-૦૪-૨૦૨૬ ના શ્રી વલ્લભાચાર્ય જયંતિ, તા. ૧૪-૦૪-૨૦૨૬ ના ડો. આંબેડકર જયંતિ તથા તા. ૧૯-૦૪-૨૦૨૬ ના પરશુરામ જયંતિ વિગેરે તહેવારો/ઉત્સવો ઉજવનારા છે. આ દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા આ તહેવારો દરમિયાન સુલેહ-શાંતિ જળવાય રહે તેમજ રાજયની વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને અગમચેતીના પગલા લેવા અનિવાર્ય જણાતાં સમગ્ર ભાવનગર જિલ્લામાં લોકો જાહેરમાં તિક્ષ્ણ હથિયારો જેવા કે છરી, કુંહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડનાં પાઈપ, ભાલા વિગેરે જેવા પ્રાણઘાતક હથિયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર નં. એલઆઈબી/હ.બં.જા.ના./ ૧૦૪૩/૨૬, તા. ૧૩-૦૩-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે અનુસાર જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ, હું, એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છુ કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૨૩-૦૩-૨૦૨૬ થી તા. ૨૧-૦૪-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી કોઈએ,

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, છરી, કુંહાડી, ધારીયા, ગુપ્તી, કુંડેલીવાળી લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા બંદુક, લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકે તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં.

(ખ) કોઈ પણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અથવા વસ્તુ ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહીં તેમજ સભા/સરઘસની મંજુરી આપનાર સક્ષમ અધિકારીશ્રીની મંજુરી લીધા વગર સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહિ.

(ઘ) મનુષ્ય અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહીં કે બાળવા નહીં.

(ચ) અપમાનો કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં. ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(છ) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલ કે ઓડીટોરીયમ કે નાટય ગૃહ તથા ટાઉન હોલમાં પ્રવેશવું નહીં.

**: પરિશિષ્ટ :**

**''ભાવનગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર''**

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(૧) ફરજ પરના અધિકારીઓ કે કર્મચારીઓ કે હોમગાર્ડઝ, ગ્રામ રક્ષક દળના સભ્યો કે જેમને ફરજ નિમિત્તે હથિયાર રાખવાની આવશ્યકતા હોય તેને તેમજ સરકારી અધિકારી/કર્મચારી હથિયાર ધરાવતા હોય તેને.

(૨) જેઓને શારીરિક અશકિતને કારણે લાઠી રાખવાની પરવાનગી આપેલ હોય તેને.

(૩) પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીથી ઉત્તરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને.

(૪) પોતાના લગ્ન પ્રસંગે તલવાર રાખેલ વરરાજાને.

(૫) યજ્ઞોપવિત અપાતું હોય તેવા બડવાઓને દંડ રાખેલ હોય તેને.

(૬) પોલીસ અધિક્ષકશ્રી અગર તો તેઓશ્રીએ નિયુકત કરેલ અધિકારીશ્રીની કાયદેસરની પરવાનગી મેળવેલ વ્યકિતને.

(૭) કિરપાણ રાખેલ શીખને.

(૮) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યક્તિને.

આ જાહેરનામાંનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબની દંડની પણ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા ફોજદારી કામ માંડવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૬-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

ભાવનગર, ૧૬ માહે માર્ચ, સને ૨૦૨૬.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૫૪૫/૨૦૨૬.-બોટાદ શહેરમાં આગામી તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ ગુજરાત માધ્યમિક અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ(ગુજકેટ)-૨૦૨૬ની પરીક્ષા લેવાનાર છે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંતિપૂર્વક તેમજ એખલાસભર્યા વાતાવરણમાં પરીક્ષા આપી શકે પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના વિસ્તારોમાં અસામાજીક ગુંડા તત્વો પરીક્ષાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જાહેર હિતમાં હું, પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ આગામી તા. ૨૯-૦૩-૨૦૨૬ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૧૬-૦૦ કલાક દરમિયાન પરીક્ષા માટેના કુલ-૦૫ પરીક્ષા કેન્દ્રો તથા જિલ્લા સ્ટ્રોંગરૂમ (સરકારી હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોટાદ) ખાતે નીચે મુજબના પ્રતિબંધો ફરમાવવામાં આવે છે.

(૧) પરીક્ષા કેન્દ્રોની સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્ષ/ફેક્સનાં વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓએ ઝેરોક્ષ તેમજ ફેક્સ મશીનના ઉપયોગ પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં મોટા અવાજે લાઉડ સ્પિકર કે બેન્ડવાજા વિગેરે ધ્વનિ વર્ધક સાધનોના ઉપયોગ પર.

(૩) પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ કે અન્ય ઈલેક્ટ્રીક ઉપકરણો લઈ જવા પર.

(૪) પરીક્ષા કેન્દ્રો અને સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૨૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર.

(૫) પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઈ અનઅધિકૃત વ્યક્તિએ પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશવા પર.

(૬) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૭) સ્ટ્રોંગરૂમના કમ્પાઉન્ડની ૧૦૦ મીટરની ત્રિજયામાં ખાનગી કાર્યક્રમ કરવા ઉપર.

સદરહું જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ આ જાહેરનામાની નકલો ચોંટાડીને અને સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની બહોળી પ્રસિધ્ધી કરાવીને સદરહું જાહેરનામુ પ્રસિધ્ધ કરવું.

આજ તારીખ ૨૪-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૫૩૪/૨૦૨૬.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટહાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એક માર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેક્ટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૬-૦૩-૨૦૨૬ ના પત્ર ક્રમાંક ટ્રાફીક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૨૨૦/૨૦૨૬ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફક્ત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર-કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ દરમ્યાન શહેરમાં તમામ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૪) ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ-હવેલી ચોક અથવા પટેલ ઈલેક્ટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૨૧-૦૩-૨૦૨૬ થી તા. ૨૦-૦૪-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૮-૦૩-૨૦૨૬ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૮ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૫૩૩/૨૦૨૬.-બોટાદ જિલ્લામાં સાળંગપુર ગામ તા. બરવાળા ખાતે આવેલ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર શ્રધ્ધાળુઓની આસ્થાનું મોટુ કેન્દ્ર છે. દર શનિ, રવિ, મંગળવાર તથા અન્ય વિશેષ તહેવારો દરમિયાન તેમજ આગામી દિવસોમાં શ્રી હનુમાન જયંતિ તહેવાર ધ્યાને લઈને તથા નિયમિત દિવસોમાં પણ દેશ-વિદેશમાંથી ભારે પ્રમાણમાં શ્રધ્ધાળુઓ દર્શનાર્થે પધારતા હોય છે. સાળંગપુર ગામ ખાતે આવેલ BAPS મંદિર પણ શ્રધ્ધાનું મહત્વપૂર્ણ કેન્દ્ર હોઈ, સમગ્ર વિસ્તારમાં યાત્રીકોની આવન-જાવન સતત અને વિશાળ પ્રમાણમાં રહે છે.

શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના પરિસરમાં તથા તેની પાછળની બાજુએ આવેલ કિંગ ઓફ સાળંગપુરની પ્રતિમા, યાત્રીક ઉતારા તથા ભોજનાલય વિસ્તારમાં નિઃશુલ્ક પ્રસાદ મેળવવા માટે ભારે ભીડ અને અવર-જવર રહેતી હોય છે. આવી પરિસ્થિતિમાં ભક્તોની સલામતિ અને સુરક્ષા, મંદિર પરિસરની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા જાળવવા, તેમજ એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને અન્ય ઈમરજન્સી સેવાઓના વાહનોની અવર-જવર સુલક્ષ રાખવા માટે વિશેષ વ્યસ્થા જાળવવી અત્યંત આવશ્યક બને છે.

પોલીસ અધિક્ષકશ્રી બોટાદનાં તા. ૧૬-૦૩-૨૦૨૬નાં પત્ર નં. ટ્રાફીક/સાળંગપુર જાહેરનામું/૨૨૧/૨૦૨૬ થી જણાવેલ છે કે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના પાછળના ભાગે આવેલ માર્ગ પર કષ્ટભંજના કિરાણા સ્ટોરથી દરબારગઢ તરફનાં જાહેર માર્ગ પર તથા બોટાદ જવાના રસ્તે આવેલ સાળંગપુર ટી પોઈન્ટ (ભરવાડ વાસ) થી કષ્ટભંજનદેવ હનુમાજીમંદિરના મેઈન દરવાજા સુધીના માર્ગ ઉપર ફરતા ફેરીયાઓ, ભીક્ષુકો, ખાણી પીણીની લારીઓ તથા પાન-મસાલાના ગલ્લાઓ દ્વારા રસ્તા ઉપર અડચણ કરવામાં આવે છે. પરીણામે યાત્રિકોની અવર-જવરમાં અવરોધ ઉભો થાય છે. ટ્રાફીક સમસ્યા સર્જાય છે અને ક્યારેક ભાગદોડ જેવી સ્થિતી પણ સર્જાવાની શકયતા રહે છે. આ ઉપરાંત, હોકર્સ/ફેરીયાઓ દ્વારા જગ્યા મેળવવા બાબતે મારામારી, તથા સ્થાનિક સિક્યુરીટી સાથેનાં વિવાદોનાં બનાવો અગાઉ બન્યા હોવાનું પણ ધ્યાને આવેલ છે. મંદિર પરીસર વિસ્તારમાં ભીક્ષુકો/ફેરીયાઓની આડામાં ફરતા ઈસમો દ્વારા ખીસ્સાકાપી, ચોરી જેવી ઘટનાઓ બનવાની શકયતા રહે છે, જેનાંથી શ્રદ્ધાળુઓની જાનમાલને જોખમ ઉભું થાય છે. આથી, શ્રદ્ધાળુઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા, મંદિર પરિસર તથા આસપાસનાં જાહેર માર્ગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, ઈમરજન્સી સેવાઓની અવર-જવર ધાર્મિક અને શાંતિપુર્ણ વાતાવરણ જાળવવા હેતુસર, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના પરિસર, તેમજ પાછળના ભાગે આવેલ કષ્ટભંજન કિરાણા સ્ટોરથી દરબારગઢ તરફના જાહેર માર્ગ પર તથા બોટાદ જવાના રસ્તે આવેલ સાળંગપુર ટી પોઈન્ટ (ભરવાડ વાસ) થી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરના મેઈન દરવાજા સુધીના માર્ગ ઉપર ફરતા ફેરીયાઓ, ભીક્ષુકો, ખાણી પીણીની લારીઓ તથા ગલ્લાઓ ઉપર પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

આથી પોલીસ અધિક્ષકટી, બોટાદએ કરેલ દરખાસ્ત મુજબ તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૫), (૨) હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, સાળંગપુર ગામ ખાતે કષ્ટભંજન મંદિરની પાછળ આવેલ કષ્ટભંજન હનુમાનજી મંદિર મંદિરના મેઈન દરવાજા સુધીના માર્ગ ઉપર ફેરીયા, લારી-ગલ્લા કે અન-અધિકૃત રીતે મુકવામાં આવતા આનંદપ્રમોદની અથવા ખાનપાનની લારીઓ, પાથરણાઓ રાખવાની મનાઈ ફરમાવું છું.

આ જાહેરનામું તા. ૨૩-૦૩-૨૦૨૬ થી તા. ૨૨-૦૫-૨૦૨૬ (૨-માસ બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના પોલીસ અધિકારીશ્રીને અધિકાર રહેશે.

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિદ્ધિ આપીને પ્રસિદ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૨૩-૦૩-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૨૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

## એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દ્વારા

ધી ગુજરાત પોલીસ એક્ટ-૧૯૫૧ની કલમ-૮૫ અન્વયે

## જાહેરનામું

## બિનવારસી મુદામાલ ક્રમ નં. ૧ થી ૨૮

નં. મેજી/ફા.નં.૩૨૨૬૦૦૪૫૩૮૪/૨૦૨૬.-આથી સર્વે જાહેર જનતાને જણાવવાનું કે હળવદ પોલીસ સ્ટેશન ના જા.નં. ૯૫૧/૨૦૨૬ તા. ૨૦-૦૨-૨૦૨૬ ના રીપોર્ટ અન્વયે મોટર વ્હીકલ એક્ટની કલમ-૨૦૭ મુજબ કબ્જે કરેલ વાહનો તથા જી.પી. એક્ટ અન્વયે આ સહ સામેલ પત્રકમાં દર્શાવેલ વિગતેના બિનવારસી મુદામાલ બિન ધણીયાતા હોવાથી યોગ્ય નિકાલ થવા અત્રેની કોર્ટમાં રજુ થયેલ છે. તો સદરહુ મુદામાલ જે કોઈપણ શખ્સ પોતાનો હોવાનો સાચો દાવો ધરાવતો હોય, તેમણે આ જાહેરનામાની તારીખથી ૩(ત્રણ) માસની અંદર માલીકીની આધાર પુરાવા દસ્તાવેજ સાથે અત્રેની કોર્ટમા મુદામ અરજી કરવી.

સદરહુ મુદત દરમ્યાન આ બિનવારસી મુદામલના કોઈ માલીક રજુ નહી થાય તો સદરહુ તમામ મુદામાલ સરકારશ્રીમા ખાલસા કરવામાં આવશે. જેની દરેક નોંધ લેવી.

### મુદામાલની વિગત

### એમ.વી.એ. ૨૦૭ ના કામે ડીટેઈન કરેલ વાહનોની વિગત

| ક્રમ | વાહનનો પ્રકાર | RTO નંબર | ચેસીસ નંબર | એન્જીન નંબર |
|---|---|---|---|---|
| ૧ | સ્પ્લેન્ડર પ્લસ મો.સા | GJ-36-M-5798 | નંબ નથી | નંબર નથી |
| ૨ | એક્સટ્રીમ મો.સા | નંબર નથી | નંબર નથી | LHA10EJ89B302B |
| ૩ | હીરો સ્પ્લેન્ડર મો.સા | નંબર નથી | 07C16F00872 | નંબર નથી |
| ૪ | વિગત નથી | GJ-13-R-1881 | નંબર નથી | નંબર નથી |
| ૫ | સ્પ્લેન્ડર મો.સા | GJ-12-AZ-8161 | નંબર નથી | નંબર નથી |
| ૬ | હીરો સ્પ્લેન્ડર મો.સા | GJ-13-AL-1713(2723) | નંબર નથી | નંબર નથી |
| ૭ | સ્પ્લેન્ડર પ્લસ મો.સા | નંબર નથી | MBLHAW128M5216502 | નંબર નથી |
| ૮ | હોન્ડા કેસરી | નંબર નથી | ME4KC237AH8013733 | નંબર નથી |
| ૯ | હોન્ડા સ્પ્લેન્ડર | GJ-01-EK-5708 | નંબર નથી | નંબર નથી |
| ૧૦ | હોન્ડા સીટી-૧૧૦ | GJ-13-SS-1574 | નંબર નથી | નંબર નથી |
| ૧૧ | સીડી-૧૦૦ મો.સા | GJ-03-PP-6708 | નંબર નથી | નંબર નથી |
| ૧૨ | સીટી-૧૦૦ મો.સા | GJ-06-CF-2905 | નંબર નથી | નંબર નથી |
| ૧૩ | સ્પેલન્ડર પ્લસ મો.સા | GJ-13-F-4530 | નંબર નથી | નંબર નથી |
| ૧૪ | સ્પ્લેન્ડર મો.સા | GJ-06-CK-8800 | નંબર નથી | નંબર નથી |
| ૧૫ | બજાજ પ્લેટિના મો.સા | GJ-03-BR-3338 | નંબર નથી | નંબર નથી |
| ૧૬ | હીરો સુપર સ્પ્લેન્ડર મો.સા | GJ-13-PP-9038 | નંબર નથી | નંબર નથી |
| ૧૭ | મો.સા | GJ-23-F-2054 | નંબર નથી | નંબર નથી |
| ૧૮ | સ્પ્લેન્ડર પ્લસ મો.સા | નંબર નથી | MBLHA10AHE4C46397 | નંબર નથી |
| ૧૯ | મો.સા (કાળા કલરનું જનરલ બનાવેલ) | GJ-06-AD-2700 | નંબર નથી | નંબર નથી |
| ૨૦ | મો.સા | GJ-13-S-5644 | નંબર નથી | નંબર નથી |
| ૨૧ | એક્ટીવા | નંબર પ્લેટ ખોટી<br>GJ-06-CS-1302 | MD626BG3082F14736 | નંબર નથી |
| ૨૨ | એચ.એફ.ડીલક્ષ મો.સા | નંબર નથી | MBLHAW133N4E02125 | નંબર નથી |
| ૨૩ | બજાજ પ્લેટિના મો.સા | નંબર નથી | MD2DDDZZZSPB90487 | નંબર નથી |
| ૨૪ | સ્પ્લેન્ડર મો.સા | નંબર નથી | નંબર નથી | નંબર નથી |
| ૨૫ | સ્પ્લેન્ડર મો.સા | નંબર નથી | MBLHAW127M5A37285 | નંબર નથી |

| ક્રમ | વાહનનો પ્રકાર | RTO નંબર | ચેસીસ નંબર | એન્જીન નંબર |
|---|---|---|---|---|
| ૨૬ | હ્યુંડાઈ વરના | GJ-06-LF-0015 | નંબર નથી | નંબર નથી |
| ૨૭ | હોન્ડા ટવીસ્ટર મો.સા | GJ-01-ML-7974 | નંબર નથી | નંબર નથી |
| ૨૮ | પેશન પ્રો મો.સા | GJ-27-D-6422 | નંબર નથી | નંબર નથી |

હળવદ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

એન. પી. ચાવડા
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
હળવદ

---

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.

| Promator | Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|---|
| રામભાઈ લક્ષ્મણભાઈ નંદાણીયા | શ્રી રુદ્ર એફ.પી.ઓ. કો.ઓપ. સો.લી. | નગીચાણા | માંગરોળ | જુનાગઢ | CSJUNSEFPO202603235 | 24-02-2026 |
| રામભાઈ સરમણભાઈ ઓડેદરા | શ્રી પોરસ એફ.પી.ઓ. કો.ઓપરેટીવ સોસાયટી લી. | મેખડી | માંગરોળ | જુનાગઢ | CSJUNSEFPO202603236 | 24-02-2026 |
| વેજાભાઈ નાથાભાઈ ગરચર | શ્રી ગાત્રાળ દુધ ઉ.સહકારી મંડળી લી. | મીતી | માંગરોળ | જુનાગઢ | CSJUNMILK202603276 | 26-02-2026 |
| હિતેશભાઈ કાનાભાઈ સગારકા | શ્રી કરમદી ચીંગરીયા કૃષિ પેદાશ ખ.વે. અને રુપાંતર સ.મં.લી. | કરમદી | માંગરોળ | જુનાગઢ | CSJUNSE202603277 | 26-02-2026 |
| ઉર્મિલા દેવેન્દ્ર ભાદરકા | શ્રી કેપિટલ ક્રેડીટ કો.ઓપ.સો.લી. | જુનાગઢ | જુનાગઢ | જુનાગઢ | CSJUNSESH202603284 | 26-02-2026 |
| દેવાભાઈ નટુભાઈ રાતીયા | શ્રી બગસરા ઘેડ કૃષિ પેદાશ ખ.વે. રુપાંતર સ.મં.લી. | બગસરા ઘેડ | માંગરોળ | જુનાગઢ | CSJUNSE202603346 | 07-03-2026 |
| થોભણભાઈ પરબતભાઈ ચપલા | શ્રી કામધેનુ એફ.પી.ઓ. કો.ઓપરેટીવ સોસાયટી લી. | સરદારગઢ | માણાવદર | જુનાગઢ | CSJUNSEFPO202603347 | 07-03-2026 |
| દિલાવરભાઈ લક્ષ્મણભાઈ મોરી | શ્રી જુના કોટડા કૃષિ પેદાશ ખ.વે. અને રુપાંતર સ.મં.લી. | કોટડા જુના | માંગરોળ | જુનાગઢ | CSJUNSE202603348 | 07-03-2026 |

જુનાગઢ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. : DRCSJNG/0042/02/2026.-નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.

| Promator | Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|---|
| વઘેરા પલ્લવીબેન કેશુભાઈ | શ્રી સિધ્ધાર્થ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સ.મં.લી. | વડાલ | જુનાગઢ | જુનાગઢ | CSJUNSA202602984 | 05-02-2026 |
| ગજેરા ચંદ્રિકાબેન ચંદુભાઈ | શ્રી માખિયાળા કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સ.મં.લી. | માખિયાળા | જુનાગઢ | જુનાગઢ | CSJUNSA202602988 | 05-02-2026 |

| Promator | Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|---|
| ચાવડા દયાબેન કાંતીલાલ | શ્રી ઓઝત કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી મહિલા સ.મં.લી. | નાના કાજલીયાળા | વંથલી | વંથલી | CSJUNSA202602990 | 05-02-2026 |
| દવે સુમિતાબેન શાંતીલાલ | શ્રી નવ નિર્માણ કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી મહિલા સ.મં.લી. | મોટી મોણપરી | વિસાવદર | વિસાવદર | CSJUNSA202602991 | 05-02-2026 |
| સર્વદી હનિફા હાજીશા | શ્રી અગતરાય કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી સ.મં.લી. | અગતરાય | કેશોદ | કેશોદ | CSJUNSA202602993 | 05-02-2026 |
| કથીરીયા ભાવનાબેન મનસુખ | શ્રી સંકલ્પ કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી મહિલા સ.મં.લી. | મોટા કોટડા | વિસાવદર | વિસાવદર | CSJUNSA202602994 | 05-02-2026 |
| ચૌહાણ કંચનબેન મનસુખાભાઈ | શ્રી નવ ચેતના કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી મહિલા સ.મં.લી. | ભલગામ | વિસાવદર | વિસાવદર | CSJUNSA202602996 | 05-02-2026 |
| કાવાણી લીનાબેન વિપુલભાઈ | શ્રી આદર્શ કલસ્ટર ફેડરેશન વિવિધલક્ષી મહિલા સ.મં.લી. | સરસઈ | વિસાવદર | જુનાગઢ | CSJUNSA202602995 | 05-02-2026 |

જુનાગઢ, ૦૨ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**એન. ડી. ગોહિલ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નઘણ/૦૧/ખ-૩/૩૯૭/૨૦૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી સાર્થક કલસ્ટર વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી., મુ. કળસાર, તા. મહુવા, જિ. ભાવનગરની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBAVSEM202603558

ભાવનગર, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નઘણ/૦૧/ખ-૩/૪૦૨/૨૦૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી જલકારીબાઈ કલસ્ટર વિવિધલક્ષી કાર્યકારી સહકારી મંડળી લી., મુ. માઈધાર, તા. પાલિતાણા, જિ. ભાવનગરની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBAVSEM202603557

ભાવનગર, ૨૪ માહે માર્ચ, સને ૨૦૨૬.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભાવનગર

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નઘણ/૦૧/ક-૨/૮૨/૨૬૯/૨૦૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી સીતાપર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સીતાપર, તા. ગઢડા, જિ. બોટાદની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBOTSEMILK202603451

બોટાદ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નઘણ/૦૧/ક-૨/૮૦/૨૬૨/૨૦૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી નકળંગ મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. લાઠીદડ, તા. જિ. બોટાદની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/SE(MILK)49275/2026.

બોટાદ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૨૬.

---

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં.નઘણ/૦૧/ક-૨/૮૪/૨૬૧/૨૦૨૬-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, રાણપુર ક્લસ્ટર લેવલ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. રાણપુર, તા. રાણપુર, જિ. બોટાદની સને-૧૯૬૧ નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBOTSA202603452

બોટાદ, ૧૭ માહે માર્ચ, સને ૨૦૨૬.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
બોટાદ

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0317/02/નં. No.-CSRAJSEP202603308/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જેતપુર મ્યુનિશીપલ સ્કુલ બોર્ડ કર્મચારીઓની નવી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : જેતપુર, તાલુકો : જેતપુર, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0284/02/No.-CSRAJUSE202603273/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી મોટાદડવા કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટાદડવા, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૬ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**ડૉ. બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૯૮/૧૪૯/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, પીપળી કલસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉદ્યમી વિવિધલક્ષી સહકારી મંડળી લી., મુ. પીપળી, તા. મોરબી, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202603079, DATE 11-02-2026 છે.

મોરબી, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૮૮/૨૨૦/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી રાતિદેવળી કિશાન સેવા સહકારી મંડળી લી., મુ. રાતિદેવળી, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSE202602978, DATE 04-02-2026 છે.

મોરબી, ૦૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૧૩૧/૩૮૬/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી આશીર્વાદ કન્ઝુમર્સ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. મોરબી, તા. મોરબી, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORBHA20260332, DATE 03-03-2026 છે.

મોરબી, ૦૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૭૯/૧૯૭/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી વઘાસિયા કિશાન સેવા સહકારી મંડળી લી., મુ. વઘાસિયા, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSE202602977, DATE 04-02-2026 છે.

મોરબી, ૦૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૭૪/૧૯૮/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી આદિત્યરાજ ગ્રાહક સહકારી મંડળી લી., મુ. મોરબી, તા. મોરબી, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORHA202602979, DATE 04-02-2026 છે.

મોરબી, ૦૪ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.ન.નધણ/ચ/૯૨/૧૫૦/૨૦૨૬.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી શિવ ગ્રાહક સહકારી મંડળી લી., મુ. જુના નાગડાવાસ, તા. મોરબી, જિ. મોરબીને સને-૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORBHFE202603078, DATE 11-02-2026 છે.

મોરબી, ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

**બી. એન. પટેલ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
મોરબી

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.04.23 11:57:37 IST